Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer

તારીખ : ૦૮/૦૭/૨૦૨૧ /7451

**શ્રી વિજયભાઈ રૂપાણી**
**માનનીય મુખ્યમંત્રીશ્રી,**
ગુજરાત સરકાર, સચિવાલય,
ગાંધીનગર

**માનનીય સાહેબશ્રી,**

**વિષય : સરકારશ્રીની ઔદ્યોગિક નીતિ અન્વયે અમલમાં આવેલ "ઔદ્યોગિક પાર્ક યોજના" હેઠળ રજીસ્ટર્ડ થયેલ ઈન્ડસ્ટ્રીયલ પાર્કના લે–આઉટ પ્લાનની મંજુરી માટે ટી.પી. કપાત બાબતે.**

રાજયના સર્વાંગી વિકાસ માટે ઔદ્યોગિક વિકાસની અગત્યતા સમજી સરકારશ્રી ધ્વારા વધુને વધુ ઉદ્યોગો રાજયમાં સ્થપાય અને સ્થાપિત થનાર ઉદ્યોગોને માળખાકીય સુવિધાઓ મળી રહે તેવા હેતુથી "ઔદ્યોગિક પાર્ક યોજના" અમલમાં મુકેલ છે. જે ખૂબ જ પ્રશંસનીય છે. સરકારશ્રીની ઔદ્યોગિક નીતિને અમો આવકારીએ છીએ.

અત્યાર સુધીની ઔદ્યોગિક પાર્ક યોજના અન્વયે રજીસ્ટર થયેલ હોય પરંતુ ડેવલોપ ન થઈ શકયા હોય તેવા તથા નવા રજીસ્ટર થનાર ઈન્ડસ્ટ્રીયલ પાર્કના લે–આઉટ પ્લાનની મંજુરી સમયે ટી.પી. કપાતની જોગવાઈના અનુસંધાને અમારી નીચે મુજબની રજુઆત ધ્યાને લેવા નમ્ર અરજ છે.

સામાન્ય સંજોગોમાં રાજયમાં વિકાસના સાધન તરીકે નગર રચના યોજના બનાવવામાં આવે છે. જેમાં ટી.પી. કપાત તરીકે જમીન કપાતમાં લઈ રસ્તા, પાણી, વગર જેવા જાહેર હેતુ માટે જરૂરી સવલતો આપવાનો હેતુ હોય છે. વિકસીત વિસ્તાર અને રહેણાંકને લાયક વિસ્તાર માટે આ રીતે કપાત કરવી તે આવશ્યક અને જરૂરી પણ છે. પરંતુ ૧૦૦ એકર જેટલી વિશાળ જમીન પર ઔદ્યોગિક માળખાકીય સગવડો સાથેનો ઈન્ડસ્ટ્રીયલ પાર્ક ડેવલોપ થતો હોય તો તેના માટે કોઈ અલગથી નિતી ના હોવાના કારણે સત્તામંડળ કે કોર્પોરેશન ધ્વારા તેવી જમીનમાં પણ ૪૦% જેટલી કપાત કરવામાં આવે છે. આ પ્રકારના ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં "ઔદ્યોગિક પાર્ક યોજના" માં નિર્દિષ્ટ કર્યા મુજબ ડેવલોપરે સ્વખર્ચે જે આંતર માળખાકીય સુવિધા જેવી કે રોડ, પાણી, ગટર જેવી જરૂરી સવલતો પુરી પાડવાની હોય છે તેમજ ૫ વર્ષ સુધી તેની જાળવણી પણ કરવાની હોય છે.



Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 | gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer

આમ કપાતનો મૂળભૂત હેતુ પરિપૂર્ણ થઈ જતો હોઈ આ પ્રકારની યોજના માટે ટી.પી. કપાતનું ધોરણ ના રાખવામાં આવે તો સરકારશ્રીની "ઔદ્યોગિક પાર્ક યોજના" વધુ ઉપયોગી થઈ શકે અને ઉદ્યોગો માટેની "ઔદ્યોગિક પાર્ક યોજના"ને પ્રોત્સાહન મળી શકે અને સરકારશ્રીનું ઉદ્યોગોને માળખાકીય સુવિધા પુરી પાડવાનું ભારણ ઓછું થઈ શકે.

વધુમાં આપશ્રીના ધ્યાને લાવીએ છીએ કે "રેગ્યુલેશન ફોર રેસીડેન્શીયલ ટાઉનશીપ–૨૦૦૯"માં જમીન કપાતની જોગવાઈ ન હતી તદઉપરાંત હોસ્પીટલ, હોટલ, રીસોર્ટ માટે પણ અલગ યોજનાઓ બનાવેલ છે. જો ઔદ્યોગિક પાર્ક માટે અલગ યોજના ના બનાવવામાં આવે અને હાલના સંજોગો પ્રમાણે ૪૦% જમીન કપાતમાં આપ્યા પછી બાકી રહેતી ૬૦% જમીનમાં નિયમો મુજબ પ્લાનીંગ કરવામાં આવે તો આશરે ૪૦% જેટલી જમીન જ ઔદ્યોગિક એકમોને ફાળવવા લાયક રહે છે જે ઔદ્યોગિક પાર્ક માટે વ્યવહારુ નથી.

ઈન્ડસ્ટ્રીયલ પાર્કને પ્રવર્તમાન નિયમો મુજબ ટી.પી. કપાત નહીં કરીને પ્રોત્સાહન આપવામાં આવે તો વધુમાં વધુ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક ડેવલોપ થશે જેનાથી રાજય સરકારશ્રીના રાજયના વિકાસના અભિયાનને વેગ મળી રહેશે જે ધ્યાને લઈ યોગ્ય કરવા આપ સાહેબશ્રીને અમારી નમ્ર અરજ છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**નટુભાઈ પટેલ**

**પ્રમુખ**

**નકલ રવાના :**

(૧) **એડીશનલ ચીફ સેક્રેટરીશ્રી,**
ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગુજરાત સરકાર,
બ્લોક નં.૫, ૩જો માળ, નવા સચિવાલય, ગાંધીનગર

(૨) **એડીશનલ ચીફ સેક્રેટરીશ્રી,**
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગુજરાત સરકાર,
બ્લોક નં.૧૪, ૯મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર



Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 gcci@gujaratchamber.org | www.gujaratchamber.org